# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-06-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Firday** **National News**

**આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.**

**************************************************

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સંસદના બંને ગૃહોને કરેલા સંયુક્ત સંબોધનમાં દેશના વિકાસ, મહિલાઓ, ખેડૂતો સહિતના અનેક મુદ્દાઓ વિશે વાત કરી
- ✓ NEET – UG પેપરમાં ગેરરિતી મામલે સીબીઆઈએ બિહારમાંથી વધુ બેની ધરપકડ કરી
- ✓ અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સની ધરતી પર પરત ફરવાની તારીખ 6 જુલાઈ સુધી લંબાવાઈ, નાસા સામે ગંભીર આરોપોના અહેવાલ
- ✓ કેરળમાં ભારે વરસાદને પગલે 9 જિલ્લાઓ પ્રભાવિત, ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની શક્યતા
- ✓ અને ટી 20 વિશ્વકપની સેમિફાઇનલમાં ભારત ઇંગ્લૅન્ડને હરાવી ત્રીજી વાર ફાઇનલમાં પહોચ્યું - આવતીકાલે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ફાઇનલ મેચ રમાશે

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PRESIDENT-ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે સંસદના સંયુક્ત ગૃહોની બેઠકને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટવાના તાજેતરના બનાવોની ન્યાયી તપાસ માટે પ્રતિબધ્ધ છે. તેમણે કહ્યું કે, સમગ્ર દેશમાં આ પ્રકારના બનાવો ન બને તે માટે નક્કર પગલાં લેવા અને આ બનાવો સંદર્ભે પક્ષીય રાજકારણથી દૂર રહેવાની જરૂર છે. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકાર યુવાનો પોતાના સપનાને સાકાર કરી શકે તે માટે સાનુકૂળ વાતાવરણ તૈયાર કરવા પ્રયાસો કરી રહી છે.

રાષ્ટ્રપતિએ વધુમાં કહ્યું કે, તાજેતરની લોકસભાની ચૂંટણીમાં જમ્મુ અને કાશ્મીરના નાગરિકોએ મોટી સંખ્યામાં મતદાન કરીને દેશના દુશ્મનોને યોગ્ય જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે, કૃષિ, ડેરી અને પશુપાલન આધારિત ઉદ્યોગોનું ગ્રામીણ વિસ્તારોમાં વિસ્તરણ કરવાને કેન્દ્ર સરકાર ટોચની અગ્રતા આપશે.

સુશ્રી મુર્મુએ કેન્દ્ર સરકાર દ્વારા માળખાકીય સુવિધાઓના વિકાસ માટે હાથ ધરાયેલી પહેલોની તેમજ ઇશાન ભારતના વિકાસ માટે કરાયેલા પ્રયાસોની વિગતો આપી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું કે, આગામી પહેલી જુલાઇથી અમલમાં આવેલી ભારતીય ન્યાય સંહિતાને કારણે બંધારણની ભાવનાને અનુરૂપ સજાના સ્થાને ન્યાયને અગ્રતા મળશે. રાષ્ટ્રપતિના સંબોધન દરમિયાન વિપક્ષના કેટલાક સાંસદોએ નીટ પરીક્ષા, મણિપુરમાં હિંસા સહિતના કેટલાક મુદ્દાઓ અંગે સૂત્રોચ્ચાર કર્યા હતા…

# CBI- NEET ARREST

કેન્દ્રીય તપાસ સંસ્થા-સીબીઆઇએ નીટ-યુજી પરિક્ષામાં કથિત ગેરરિતીનાં કેસમાં બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, બિહારના પટણા ખાતેથી બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. નીટ-યુજીનું પ્રશ્નપત્ર ફુટવાનાં કેસમાં ઔપચારિક રીતે તપાસ પોતાને હસ્તક લેનાર સીબીઆઇએ સોમવારે બિહાર પોલિસની આર્થિક ગુના પાંખની મુલાકાત લીધી હતી અને આ સંદર્ભમાં તપાસ શરૂ કરી હતી..

# HEMANT SOREN

ઝારખંડમાં રાંચીની એક વિશેષ અદાલતે પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની ન્યાયિક કસ્ટડી ચૌદ દિવસ માટે વધારી દીધી છે. ઝારખંડ મુક્તિ મોર્ચાના નેતા હેમંત સોરેન જમીન કૌભાંડ દ્વારા મની લૉન્ડ્રીંગના આરોપોમાં બિરસા મુંડા જેલમાં બંધ છે.

હેમંત સોરેન સહિત અન્ય 11 આરોપીઓને ગઈકાલે વીડિયો કૉન્ફરેન્સિંગ દ્વારા અદાલત સમક્ષ રજૂ કરાયા હતા. 11 જુલાઈના રોજ તમામને ફરી અદાલત સમક્ષ રજૂ કરાશે. આરોપીઓ સામે કોર્ટમાં આરોપનામું દાખલ થઈ ગયું છે. પ્રવર્તન નિદેશલય એટલે કે ઈડીએ 31 જાન્યુઆરીના રોજ પૂર્વ મુખ્યમંત્રીની ધરપકડ કરી હતી.

# MSME MANJHI

કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – **MSME** મંત્રી જીતન રામ માંઝીએ ગઈકાલે નવી દિલ્હીમાં વિશ્વ **MSME** દિવસ પર બે નવી યોજનાઓના પ્રારંભ કરાવ્યો. '**MSME** ટીમ યોજના'નું લક્ષ્ય લઘુ ઉદ્યોગોને સુવિધા પ્રદાન કરવાનો છે. બીજી તરફ 'યશસ્વિની ઝુંબેશ' યોજના મહિલાઓની માલિકીવાળા સૂક્ષ્મ ઉદ્યોગોને ઔપચારિક બનાવવા તેમજ જરૂરી સહાયઅને મદદ કરવા માટે લોક જાગૃતિ પર કેન્દ્રીત છે.

આ પ્રસંગે ઉદ્યોમી ભારત કાર્યક્રમને સંબોધિત કરતાશ્રી માંઝીએ કહ્યું કે ઝડપથી બદલાઈ રહેલા ઔદ્યોગીક પરિદૃશ્યમાં, **MSME**ને ડિજીટલ અને તકનિકી સમાધાન અપનાવવા માટે તૈયાર કરવાની જરૂર છે.

# PM MANNKI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે સવારે 11 વાગે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો એકસો 11મો એપિસોડ છે. શ્રી નરેન્દ્ર મોદીના ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા બાદ આ તેમનો પ્રથમ કાયક્રમ છે. તેને આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પર તેનું જીવંત પ્રસારણ કરાશે. આકાશવાણી પર હિન્દીમાં આ કાર્યક્રમના પ્રસારણના તુરંત બાદ તેને પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરાશે.

# UN HINDI

ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં હિન્દીને પ્રોત્સાહન આપવામાટે 11 લાખ, 60 હજાર ડૉલરનું ભંડોળ આપ્યું છે. ભારતમાં સ્થાયી મિશન બાબતોના પ્રભારી આર. રવિન્દ્રએ સંયુક્ત રાષ્ટ્રના વૈશ્વિક સંચાર વિભાગના સમાચાર અને મીડિયા વિભાગના નિદેશક ઇયાન ફિલિપ્સને હિન્દી યોજના માટેનો ચેક સુપરત કર્યો હતો, જેનાથી વૈશ્વિક સંગઠનમાં હિન્દીના ઉપયોગનો વિસ્તાર થઈ શકે.

ભારત 2018થી ડીસીજી સાથે ભાગીદારીમાંછે. સંયુક્ત રાષ્ટ્રમાં હિન્દી ભાષાના પ્રસાર પ્રચાર અર્થે તેમજ વિશ્વમાં હિન્દી ભાષી લોકો વચ્ચે વૈશ્વિક મુદ્દાઓ સંદર્ભે જાગૃતિ લાવવા આ સંસ્થામાં હિન્દી યોજના શરૂ કરાઈ હતી. આ દિશામાં સંયુક્ત રાષ્ટ્ર દર સપ્તાહે હિન્દીમાં ઑડિયો સમાચાર બુલેટિન બહાર પાડે છે. સંયુક્ત રાષ્ટ્ર હિન્દી ભાષામાં પણ સોશિયલ મીડિયા પ્લેટ ફોર્મ ચલાવે છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા બહુ ભાષાવાદ નીતિ પર ભાર મૂકે છે, જોકે આર્થિક મર્યાદા મોટો પડકાર હોઈ ભારતે હિન્દી ઝુંબેશ માટે ફંડ પૂરું પાડી રહ્યું છે.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# NASASUNITA

અવકાશ યાત્રી સુનિતા વિલ્યમ્સ અને બૂચ વિલ્મોરના ધરતીપર પર ફરવામાં વિલંબ થઈ રહ્યો છે. અહેવાલ અનુસાર તેમના પરત ફરવાની નવી તારીખ 6 જુલાઈ રાખવામાં આવી છે. મૂળ મિશન માત્ર આઠ દિવસનું હતું, જે હવે એક મહિના સુધી ચાલશે.

મીડિયા અહેવાલો અનુસાર નાસા અને  બોઇંગ સામે ગંભીર આરોપો મુકાઈ રહ્યા છે કે તેઓ 5 જૂને થયેલા લૉન્ચ પહેલાથી સ્ટારલાઇનર અવકાશયાનમાં હિલિયમ લીક વિશે માહિતગાર હતા. આમ છતાં તેમણે લૉન્ચની પ્રક્રિયાને આગળ ધપાવી. ભારતીય મૂળના અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સ સહિત અન્ય અવકાશ યાત્રીની પરત ફરવાની તારીખ અગાઉ 13 જૂન, બાદમાં 26 જૂન રાખવામાં આવીહતી. જોકે આ તારીખ વધારીને 6 જુલાઈ કરી દેવાઈ છે.

# KERALA RAIN

કેરળમાં ભારે વરસાદને કારણે વિવિધ જિલ્લાઓમાં મોટાપાયે નુકસાનના અહેવાલ છે. પથનામથિટ્ટા, ઇડુક્કી, વાયનાડ, તિરુવંનતપુરમ સહિતના અન્યસ્થાનો પર રાહત શિબિરો શરૂ કરાયા છે. હવામાન વિભાગે વાયનાડ, કન્નૂર અને કાસરગોડ જિલ્લામાં ઑરેન્જ અલર્ટ, જ્યારે અન્ય ૭ જિલ્લાઓમાં યલૉ અલર્ટ જાહેર કરાયું છે. વિવિધ સ્થળો ઉપર ભૂસ્ખલન અને દરિયાઈ ધોવાણના અહેવાલ છે. ૭ જિલ્લાઓંમાં ગંભીર રીતે અસર થવા પામી છે, આ જિલ્લાઓમાં **NDRF**ની ટીમો તૈનાત કરાઈ છે. સાથે જ રાહત અને બચાવ કામગીરી માટે વિશેષ ભંડોળ ફાળવવામાં આવ્યું છે. પર્વતીય વિસ્તારોમાં પર્યટન અને ખોદકામ પર પ્રતિબંધ મૂકાયો છે.

ઉપરાંત માછીમારોને કેરળ, કર્ણાટક, લક્ષદ્વીપના કાંઠા વિસ્તારોમાં માછીમારી ન કરવાની સલાહ આપવામાં આવી છે. આ તરફ હવામાન વિભાગે કેરળ, દક્ષિણ ગુજરાત, કર્ણાટક, કોંકણ અને ગોવાના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની અગાહી કરી છે. લક્ષદ્વીપ, આંદમાન અને નિકોબાર, સિક્કિમ, અસમ, મેઘાલય, ઓડિશા, આંધ્ર પ્રદેશના કાંઠા વિસ્તારો, છત્તીસગઢ, રાજસ્થાનના કેટલાક ભાગોમાં હવળાથી મધ્યમ વરસાદની શક્યતા છે..

# 20 MATCHES

ભારતે **ICC** ટી 20 વિશ્વકપની સેમિફાઇનલ મેચમાં ઇંગ્લેન્ડને 68 રનથી હરાવીને ફાઇનલમા સ્થાન મેળવી લીધું. ગઈકાલે રમાયેલી મેચમાં ઇંગ્લેન્ડે ટૉસ જીતીને પહેલાં ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો, જેમાં ભારતે 20 ઑવરમાં સાત વિકેટ ગુમાવીને 171 રન બનાવ્યા હતા. કપ્તાન રોહિત શર્માએ 39 બૉલમાં 57 રન બનાવ્યા. વરસાદને કારણે પ્રભાવિત આ મેચમાં સૂર્ય કુમાર યાદવે 36 બૉલમાં 47 રન, હાર્દિક પંડ્યાએ 13 બૉલમાં 23 રન કર્યા. ઇંગ્લેન્ડ તરફથી ક્રિસ જોર્ડને ત્રણ વિકેટ લીધા હતા.

172 રનના લક્ષ્યાંકને હાંસલ કરવા મેદાનમાં ઉતરેલી ઇંગ્લેન્ડની ટીમ 16.4 ઑવરમાં માત્ર 103 રને ઑલઆઉટ થઈ ગઈ હતી. ઇંગ્લેન્ડ તરફથી હેરીબ્રુકે 19 બૉલ પર સૌથી વધારે 25 રન બનાવ્યા. ભારત તરફથી કુલદીપ યાદવ અને અક્ષર પટેલે ત્રણ ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે જસપ્રિત બુમરાહે બે વિકેટ ઝડપી હતી. અક્ષર પટેલને મેચ ઑફ ધી મેચ જાહેર કરાયો હતો. શનિવારે બારબાડોસમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ફાઇનલ મેચ રમાશે. ભારતીય ટીમ ત્રીજી વાર ટી 20 વિશ્વકપના ફાઇનલમાં પહોંચી છે.

# KIRAN-PAHAL-OLYMPIC.RTF

હરિયાણામાં આયોજિત રાષ્ટ્રીય આંતર-રાજ્ય એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં કિરણ પહલે મહિલાઓની 400 મીટર સ્પર્ધામાં પેરિસ ઓલિમ્પિક્સ 2024ના પ્રવેશ ધોરણને તોડી પાડ્યું હતું. કિરણ પહલે દેવીલાલ સ્ટેડિયમમાં સેમિફાઇનલમાં 50.92 સેકન્ડનો સમય પૂરો કર્યો. ખાસ કરીને, 400 મીટરમાં મહિલાઓ માટે ક્વોલિફાઇંગ સ્ટાન્ડર્ડ માર્ક 50.95 સેકન્ડ હતો.

જકાર્તામાં 2018 એશિયન ગેમ્સમાં 50.79 સેકન્ડનો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવનાર હિમા દાસને પાછળ રાખીને કિરણ પહલ મહિલાઓની 400 મીટરની દોડમાં બીજી સૌથી ઝડપી ભારતીય દોડવીર બની ગઈ છે. આવતીકાલે મહિલાઓની 400 મીટરની ફાઈનલ યોજાશે..

# BADMINTON

બેડમિન્ટનમાં, સિંગલ્સ ખેલાડીઓ માલવિકા બંસોડ અને પ્રિયાંશુ રાજાવત અને ભારતીય મહિલા ડબલ્સની જોડી ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદ યુએસ ઓપનની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ છે.

વિમેન્સ સિંગલ્સમાં, માલવિકા બંસોડએ રાઉન્ડ ઓફ 16માં ચેક રિપબ્લિકની ટેરેઝા સ્વાબીકોવાને હરાવ્યો હતો. સેમિફાઇનલમાં સ્થાન મેળવવા માટે તેનો સામનો આજે સ્કોટિશ ખેલાડી કિર્સ્ટી ગિલમોર સામે થશે.

જ્યારે મેન્સ સિંગલ્સમાં પ્રિયાંશુ રાજાવતે ચાઈનીઝ તાઈપેઈના હુઆંગ યુ કાઈ સામે વિજય મેળવ્યો હતો. અંતિમ આઠમાં તેનો સામનો ચીનના લેઈ લેન્ક્સી સાથે થશે.

એવી જ રીતે  વિમેન્સ ડબલ્સમાં, બીજી ક્રમાંકિત ભારતીય જોડી ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદે પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ચીની તાઈપેઈની જોડી હસિહ પેઈ-શાન અને હંગ એન-ત્ઝુને 21-11, 21-19થી હરાવી હતી. ટ્રીસા અને ગાયત્રી હવે ક્વાર્ટર ફાઇનલમાં રુઇ હિરોકામી અને યુના કાટોની જાપાની જોડી સામે ટકરાશે.

# J&K-REVIEW MEETING

જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામ ખાતે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં અમરનાથ યાત્રાની પૂર્વ તૈયારીની સમીક્ષા કરી હતી, જેમાં ઉપરાજ્યપાલે યાત્રાનાં માર્ગમાં પોલિસ અને સલામતી દળના જવાનો અને તબીબોની વ્યવસ્થા અંગે માહિતી મેળવી હતી.

બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, સલામત અને સરળ યાત્રા માટેની સુવિધામાં નોંધપાત્ર સુધારો થયો છે. બાદમાં તેમણે પહલગામ ખાતેનાં નુવાન બેઝ કેમ્પ ખાતે યાત્રીઓ માટેની સુવિધા અંગે જાણકારી મેળવી હતી. ઉલ્લેખનીય છે કે અમરનાથ યાત્રાનો આ આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે.